# પારડીમાં દીવાલના ઝઘડામાં દુકાનદારને માર મરાયો

**મહિલાએ** ઝાપટ મારી, બે શખ્સે પથ્થરનો ઘા ઝીંક્યો અને ઢીકમુક્કીનો માર મારી ધમકી આપી

પારડીઃ પારડી દાંતી ફળિયામાં રહેતા બે પરિવાર વચ્ચે વંડામાં કમ્પાઉન્ડ બનાવવા બાબતની અદાવતમાં ઝઘડો થતા એકને ઢોર માર મારતા બે ઈસમ અને એક મહિલા સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી વિરલ રમણ ભંડારી પોતાની શ્રી મહાદેવ ઇલેક્ટ્રીકની દુકાન ઉપર ગયો ત્યારે બપોરે બાજુમાં રહેતા સંગીતાબેન સુરેશભાઇ, દુકાન પાસે આવેલા અને કહેવા લાગેલા કે, તમો દિયર શૈલેષ રવલા ધો.પટેલે તેમની દુકાનની પાછળ કમ્પાઉન્ડ કરેલ હોય, જે કમ્પાઉન્ડ સિમેન્ટના થાંભલા તથા વાંસની લાકડીથી બનાવેલ હોય, જેમની કંપાઉન્ડ બનાવેલ (હદ) બાબતે અમારા વિરૂધ્ધની વાતો તમે કેમ કરો છો? તેવું કહી ગાળો આપી મને એક ઝાપટ મારી હતી. ત્યારબાદ સુરેશ સુખલા ધો. પટેલ આવેલા અને ફરિયાદી સાથે ગાળાગાળી કરી ઝગડો કરી અને નજીકમાંથી પથ્થર ઊંચકી ફરિયાદીને શરીરે તથા માથાના ભાગે મારતા ઇજા થઈ હતી. ત્યારબાદ કૌશિક સુરેશ ધો.પટેલ આવેલો અને ફરિયાદીને ઢીકમુકીનો માર માર્યો હતો. એટલું જ નહીં ધમકી પણ આપી હતી. ઘટના અંગે પારડી પોલીસે ત્રણેય આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નવસારી જિલ્લાનાં વિકાસકામો સમયસર પૂર્ણ કરવા તાકીદ

**જિલ્લા** આયોજન મંડળની બેઠકમાં વિકાસકામોની વિસ્તૃત સમીક્ષા સાથે, ગુણવત્તા અને સમયમર્યાદા પર ધ્યાન કેન્દ્રિત કરવા મંત્રી કનુભાઈ દેસાઈની તાકીદ

નવસારીઃ નવસારી જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ ગતિ આપવા નવસારી જિલ્લા પ્રભારી મંત્રી અને રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાયેલી આ બેઠકમાં વિવિધ જોગવાઈઓ હેઠળના જનહિતલક્ષી વિકાસકામોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૫ ટકા વિવેકાધિન જોગવાઈ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ, સાંસદ તથા ધારાસભ્યોની ગ્રાંટ તેમજ એટીવીટી અંતર્ગત તાલુકાવાર, નગરપાલિકા અને જિલ્લાકક્ષાએ શરૂ ન થયેલા, પ્રગતિ હેઠળના તેમજ પૂર્ણ થયેલા વિકાસકામોની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

મંત્રી કનુભાઈ દેસાઈએ બેઠકમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર રાજ્યના દરેક વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. વિકાસકામો ગુણવત્તાપૂર્વક અને નક્કી કરેલી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓએ વધુ જવાબદારીપૂર્વક કાર્ય કરવું જરૂરી છે, તેવી તેમણે તાકીદ કરી હતી. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે માત્ર કામ શરૂ કરવાથી સંતોષ ન માનવો, પરંતુ તે સમયસર અને યોગ્ય ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે પણ એટલું જ મહત્વનું છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં આંતરમાળખાકીય સુવિધાઓના સુવ્યવસ્થિત વિકાસ દ્વારા નાગરિકોની સુખાકારીમાં વધારો કરવાનું રાજ્ય સરકારનું મજબૂત લક્ષ્ય છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખૂટતી સુવિધાઓને પ્રાધાન્ય આપી આયોજન હેઠળના તમામ વિકાસકામોનું સતત મોનિટરિંગ કરીને સમયસર પૂર્ણ કરવા માટે સઘન પ્રયાસો કરવા તેમણે સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ પરેશભાઈ દેસાઈ, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટર શ્રીમતી ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી પુષ્પલતા, પ્રાયોજના વહીવટદાર શ્રી પ્રણવ વર્ગીય, જિલ્લા આયોજન અધિકારી જે.કે. બગીયા, નિવાસી અધિક કલેક્ટર યોગરાજસિંહ ઝાલા સહિત તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખો, પ્રાંત અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરો અને સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### આહવામાં પીએમ પોષણ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાની કુકિંગ સ્પર્ધા યોજાઈ




સાપુતારા: ડાંગ જિલ્લા કલેક્ટર શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને આહવા તાલુકા શાળા ખાતે પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યની પરંપરાગત અને સ્વાસ્થ્યપ્રદ વાનગીઓ વિષયક જિલ્લા કક્ષાની કુકિંગ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં સંચાલક ભાઈઓ-બહેનો દ્વારા મિલેટ્સ અને સરગવા જેવી પૌષ્ટિક સામગ્રીમાંથી વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. જે બાળકોના માનસિક તથા શારીરિક વિકાસ માટે લાભદાયી છે. શાળાના બાળકોને રૂટિન મેનુ સાથે આવી પૌષ્ટિક વાનગીઓ નિયમિત રીતે પીરસવા કલેક્ટરે અનુરોધ કર્યો હતો. તાલુકા કક્ષાની સ્પર્ધામાંથી પસંદ થયેલ સંચાલકોએ જિલ્લા કક્ષાએ ભાગ લીધો હતો. જિલ્લા કક્ષાએ આયોજીત આ સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ત્રણ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### અતુલના સ્થાપક પદ્મવિભૂષણ સ્વ. કસ્તુરભાઈ લાલભાઇની 131મી જન્મ જયંતી: હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો




વલસાડ: દેશ-વિદેશમાં કેમિકલ્સ ક્ષેત્રે પ્રખ્યાત વલસાડની અતુલ કંપનીના સ્થાપક સ્વ.કસ્તુરભાઇ લાલભાઇની 131મી જન્મ જયંતી નિમિત્તે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતુ. આ આયોજન અતુલ લિમિટેડ અને પાર્શ્વનાથ મારબલના સંયુક્ત પ્રયાસથી હાથ ધરાયું હતું. જેમાં તેમના દ્વારા ટાઇલ્સ કોન્ટ્રાક્ટરો સાથે જોડાયેલા કારીગરોનું હેલ્થ ચેકઅપ કરાયું હતુ. કંપની સાથે "પોલિગ્રીપ", "લાપોક્ષ", "લા કેર" બ્રાન્ડ્સ દ્વારા સંકળાયેલા કારીગરોના વિવિધ બ્લડ ટેસ્ટ્સ તેમજ અન્ય સ્વાસ્થ્ય સંબંધિત ચકાસણી કરાઇ હતી. આ મેડિકલ કેમ્પનો કારીગરોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ કેમ્પમાં અતુલના એક્ઝિક્યુટીવ વાઇસ પ્રેસિડન્ટ એન્ડ બિઝનેસ હેડ ઉજ્જવલ શાહ, એરિયા સેલ્સ મેનેજર નિકલેશ ખંભાતી અને ટીમ હાજર રહ્યા હતા.

### વાંસદા ગ્રામ પંચાયતને નવા અગ્નિશામક વાહનનું લોકાર્પણ




વાંસદા: વાંસદામાં છેલ્લા કેટલાક સમયથી અગ્નિ શામક વાહનની તાતી જરૂરિયાતને લઇ વાંસદા ગ્રામ પંચાયત દ્વારા નવા અગ્નિશામક વાહનની માંગ કરાઈ હતી. જેને લઇને કેન્દ્રિય જળ શક્તિ મંત્રી સીઆર પાટીલ દ્વારા વાંસદા ગ્રામ પંચાયતના ઉપસરપંચ હેમાબેન દિપકભાઈ શર્મા અને જિ. પંચાયત સભ્ય શિવેન્દ્રસિંહ સોલંકીને અગ્નિ શામક વાહનની ચાવી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ ભૂરાભાઈ શાહ તથા વાંસદા ગામનાં ભાજપ અગ્રણીઓ અને વાંસદા ગ્રામ પંચાયતના સભ્યો હાજર રહ્યાં હતા.

### ખેરગામમાં પીએમ સૂર્યઘર યોજના-સ્માર્ટ મીટર અંગે જાણકારી અપાઈ



ખેરગામ: ખેરગામ ગ્રામ પંચાયત કક્ષાએ શનિવારે વિજળી વિષયક જન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મફત વિજળી યોજના (પીએમ સૂર્યઘર યોજના) અંગે માહિતી આપવામાં આવી તથા યોજનાના લાભ અંગે ગ્રામજનોને અવગત કરાયા હતા. આ ઉપરાંત સ્માર્ટ મીટરના ફાયદાઓ, પારદર્શક બિલિંગ અને ઊર્જા બચત અંગે સમજ આપવામાં આવી હતી. ઘરેલુ વિદ્યુત સલામતી તેમજ વીજ લાઈનો અને ટ્રાન્સફોર્મર આસપાસ જરૂરી સાવચેતી રાખવાની મહત્વતા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઓનલાઈન વીજ બિલ ચૂકવણી અંગે જાગૃતિ ફેલાવવામાં આવી તથા વીજ સંબંધિત ફરિયાદો માટે ટોલ-ફ્રી નંબર 19123 અને 1800 233 3003 પર સંપર્ક કરવા માટે જનતાને માહિતગાર કરવામાં આવ્યા હતા.

### બીલીમોરા બી.એસ. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો રજત મહોત્સવ ઉજવાયો



બીલીમોરા: બીલીમોરામાં વીતેલા અઢી દાયકાથી સીબીએસસી બોર્ડ અંગ્રેજી માધ્યમ શિક્ષણની જ્યોત જગાવનારી બીએસ પટેલ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલનો શુક્રવાર સાંજે રજત જયંતિ મહોત્સવ ઉજવાયો હતો. વાલી-વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં શાળાનું પ્રાંગણ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. વીતેલા ૨૫ વર્ષોની ઐતિહાસિક ઝલક સાથે શૈક્ષણિક સફરની ઝાંખી કરાવાઈ હતી. તેમજ વીતેલા ૨૫ વર્ષોથી સફળતાનાં શિલ્પી શિક્ષકગણ, કર્મચારીઓને સ્મૃતિભેટ સાથે સન્માનિત કરાયા હતા. દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ, સંસ્કૃતિ, સામાજિક જાગૃતિ અને નૈતિક મૂલ્યોનાં પાઠ શીખવતી રંગબેરંગી નૃત્ય નાટીકા, સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરાઈ હતી. શાળાનું પ્રાંગણ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન જનકભાઈ ટેલર, બીવીકે મંડળ અને શિક્ષકગણ સિલ્વર સ્પાર્ક મેગેઝીનનું વિમોચન કરાયું હતું.

# વલસાડમાં લોકોના પ્રશ્નોના નિકાલ કરવા કલેક્ટરની તાકીદ

**જિલ્લા** સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં ધારાસભ્યોની રજૂઆતો, ફરિયાદો પર યોગ્ય ધ્યાન આપવા અધિકારીઓને સૂચન, 23 પ્રશ્ન પર ચર્ચા



વલસાડઃ વલસાડ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની માસિક બેઠક ભાગ-૧ અને ભાગ-૨ની જિલ્લા કલેકટર ભવ્ય વર્માના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે મળી હતી, જેમાં કુલ ૨૩ પ્રશ્નની ચર્ચા થઈ હતી.

સંકલન બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મનહર પટેલ, વલસાડ ધારાસભ્ય ભરત પટેલ, ધરમપુર ધારાસભ્ય અરવિંદ પટેલ, ઉમરગામ ધારાસભ્ય રમણ પાટકર અને કપરાડા ધારાસભ્ય જીતુ ચૌધરી દ્વારા જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યો અંગે પ્રશ્નો અને સમીક્ષા કરવામાં આવી હતી. રસ્તા, બ્રિજ, નેશનલ હાઈવે, દબાણ, કેનાલ, જમીન માપણી, સ્ટ્રીટ લાઈટને લગતા કામો તથા એસટી વિભાગ, વન વિભાગ, મદદનીશ શ્રમ આયુક્ત, માર્ગ અને મકાન વિભાગ, નગરપાલિકાઓ, પ્રાયોજના વિભાગ સહિત અન્ય વિભાગોને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોના નિકાલ માટે જિલ્લા કલેકટરે સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે હકારાત્મક ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, નિવાસી અધિક કલેકટર મહિપાલસિંહ ચુડાસમા, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# તું તારા બેન્કખાતા મને વાપરવા આપ, હું તને 5 હજાર આપીશ

**ખાટાઆંબાના** યુવાનના મ્યૂલ એકાઉન્ટમાં રૂ. 29 લાખનું સાયબર ફ્રોડનું ટ્રાન્ઝેક્શન

વાંસદાઃ વાંસદા તાલુકાના ખાટાઆંબા ગામના યુવાનને રૂપિયા પાંચ હજાર આપી તેના એકાઉન્ટનો દુરૂપયોગ કરી સાઇબર ક્રાઈમના 29 લાખ રૂપિયા જમા કરાવી ઉપાડી લીધા હતા. પોલીસે મ્યૂલ એકાઉન્ટની તપાસ કરી એક યુવાનની અટક કરી, બેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

વાંસદા તાલુકાના ખાટાઆંબા ગામે ચારમૂડી ફળિયામાં રહેતો અમિત રાયુભાઈ ધુલમને ગામમાં રહેતા સૂર્યાંશ નામના તેમના મિત્રએ વાંસદા તાલુકાના ખડકીયા ગામે રહેતા કર્તવ્ય સાથે દોઢ વર્ષ પહેલા મુલાકાત કરાવી હતી. ત્યારે કર્તવ્યએ જણાવ્યું હતું કે તું તારા બેંક ખાતા મને વાપરવા આપશે તો રૂપિયા પાંચ હજાર આપીશ. જેથી 19 જુલાઈ 2022ના રોજ વાંસદા એક્સિસ બેન્કમાં તેનું ખાતું ચાલતું હતું એ વાપરવા આપ્યું હતું અને ફરી કર્તવ્યએ જણાવ્યું હતું કે રાજકોટ રહેતા વિરલ સાથે પણ કામ કરવું પડશે અને ફરી રૂપિયા પાંચ હજાર આપી એસબીઆઇ વાંસદા શાખાનું ખાતું વાપરવા માટે લીધું હતું.

બીજી તરફ વાંસદા પોલીસે મ્યૂલ બેન્ક એકાઉન્ટની તપાસ કરતા એક્સિસ અને સ્ટેટ બેન્ક વાંસદામાં અમિતના ખાતામાં અલગ અલગ રાજ્યમાંથી રૂપિયા 25,35,550 જેટલી રકમનું ટ્રાન્ઝેક્શન મળી આવ્યું હતું. જ્યારે SBIના ખાતામાં 3,81,656 જમા થયા હતા અને રૂપિયા 1,10,823નું ટ્રાન્ઝેક્શન થઈ ગયું હતું અને રૂપિયા 2,70,832 જમા મળી આવ્યા હતા. જેથી પોલીસે અમિત ધુલમને પૂછપરછ કરતા તેણે સમગ્ર હકીકત જણાવી હતી. આમ અમિત ધૂલમના ખાતામાં સાઇબર ક્રાઇમની ટોટલ રૂપિયા 29,17,206 જેટલી રકમ જમા થઈ હતી. જેથી પોલીસે અમિત ધૂલમ, કર્તવ્ય અને વિરલ સામે ગુનો નોંધી અમિતની અટક કરી હતી, જ્યારે કર્તવ્ય અને વિરલને વોન્ટેડ જાહેર કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

### ચણોદના મારામારીના ગુનામાં વૃદ્ધને જામીન આપવા કોર્ટની ના

વલસાડઃ વાપીના ચણોદમાં રહેતા એક દુકાનદારને એક વૃદ્ધે પોતાના સાથીદાર સાથે માર માર્યો હતો. પોલીસે વૃદ્ધની ધરપકડ કરી હતી. આ વૃદ્ધ આરોપીએ જામીન પર છૂટવા વાપીની એડિશનલ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેની સુનાવણી હાથ ધરાતા જજ એચ. એન. વકીલે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આ જામીનઅરજી નામંજૂર કરી હતી. વાપી ચણોદ અમરનગરમાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા રાકેશ માધવભાઈ સહાને (ઉવ.42) પોતાની દુકાનમાં હતા, ત્યારે રમેશ ઉર્ફે રામજી નરસશી ભાનુશાળી (ઉવ.70) પોતાની સાથે લાલુ નામના વ્યક્તિને લઈને આવ્યા હતા. આ બંને વ્યક્તિએ મળીને રાકેશને માર માર્યો હતો અને તેના માથામાં ચપ્પુ વડે ઘા કર્યો હતો.

# નવસારીના આંગણે 'સશક્ત નારી મેળો'નું ભવ્ય ઉદઘાટન

**ત્રિદિવસીય** મેળામાં 56 સ્ટોલ્સમાં હાથવણાટ, હસ્તકલા, મિલેટ આધારિત ઉત્પાદનો, વારલી પેઇન્ટિંગ આકર્ષણ જમાવશે




નવસારીઃ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા આયોજિત ત્રિ-દિવસીય "સશક્ત નારી મેળા"નું નવસારી શહેરમાં ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. શહેરના શિરવઈ પાર્ટી પ્લોટ, ગણદેવી રોડ ખાતે આયોજિત આ મેળાનો કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અવસરે રાજ્યના નાણાં અને પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ તથા આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૦, ૨૧ અને ૨૨ સુધી ચાલનારા આ મેળામાં સખીમંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલા હાથવણાટ, હસ્તકલા, મિલેટ આધારિત ઉત્પાદનો, વારલી પેઈન્ટિંગ, ભરતકામ, પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનો સહિત કોટેજ ઈન્ડસ્ટ્રીઝ અને સહકારી મંડળીઓના કુલ ૫૬ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

કાર્યક્રમ દરમિયાન મંત્રીઓના હસ્તે સરકારના વિવિધ વિભાગોના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રધાનમંત્રી ખનીજક્ષેત્ર કલ્યાણ યોજના - ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન અંતર્ગત રૂ.૩.૫૭ કરોડના ખર્ચે છ વિકાસકામોના ખાતમુહર્ત તથા રૂ.૩.૫૫ કરોડના ખર્ચે ત્રણ વિકાસકામોના ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા હતા. પંચાયત સિંચાઈ વિભાગના રૂ.૧.૩૬ કરોડના ખર્ચે ૧૩ વિકાસકામોના ઈ-ખાતમુહર્ત પણ આ પ્રસંગે કરવામાં આવ્યા હતા.

# દેશી તમંચો લઈને ફરતો યુપીવાસી યુવક ઝડપાયો


**વાપી** પોલીસે ગીતાનગરમાંથી બાતમીને આધારે ધરપકડ કરી, પાંચ જીવતા કારતૂસ પણ મળ્યા



વાપીઃ યુપીથી દેશી તમંચો અને કારતુસ લઈને વાપી આવેલા ઈસમને વાપી ટાઉન પોલીસે ઝડપી પાડ્યો હતો.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીને આધારે વાપી ગીતાનગર, મોટા ગરનાળા પાસે વર્ણવેલ ઈસમ ચાલતો આવતો હોય, તેને કોર્ડન કરી અંગઝડતી કરતા પેન્ટના ખિસ્સામાંથી દેશી હાથ બનાવટનો તમંચો તથા પાંચ જીવતા કારતુસ સાથેની મેગઝીન મળી હતી, તેની પાસે કોઈ પરવાનો કે આર્મ્સ લાયસન્સ ન હતું. પોલીસે નામઠામ પૂછતા શનિ અમિત ગુપ્તા (ઉં.આ.26, રહે. વાપી ગીતાનગર સ્થિત ચાલીમાં, મૂળ યુપી) હોવાનું જણાવ્યું હતું. તેની વધુ પૂછપરછ કરતા આ હથિયાર ઉત્તરપ્રદેશમાં રહેતા સુરજ નિશાદ પાસેથી લીધેલ અને વતનથી તે વાપી લાવ્યો હતો. હથિયાર આપનારને પોલીસે વોન્ટેડ બતાવ્યો હતો. દેશી તમંચો અને જીવતા રાઉન્ડ મળી કુલ રૂ.5,500/-નો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી વાપી ટાઉન પોલીસે હાથ ધરી હતી.

# સાપુતારાનો લૂંટેરી દુલ્હન ગેંગનો સૂત્રધાર ઝડપાયો



સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ મથકે છેલ્લા સાત મહિનાથી નાસતા ફરતા લૂંટેરી દુલ્હન ગેંગના સૂત્રધાર આરોપીને સાપુતારા પોલીસે મહારાષ્ટ્રનાં નાસિકથી ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સાપુતારા પોલીસ મથકે એક ફરિયાદ નોંધાઈ હતી, જેમાં યુવકને લગ્નની લાલચ આપીને યુવક પાસેથી ૧.૬૦ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. આ લૂંટેરી દુલ્હન ગેંગના કેટલાક આરોપીઓને અગાઉ સાપુતારા પોલીસની ટીમે ઝડપી પાડ્યા હતા. ત્યારે છેલ્લા સાત મહિનાથી નાસતા ફરતા આરોપી રાકેશભાઇ દિલિપભાઈ મોહિતે (ઉ.વ.૩૭ રહે.શિર શિરોમણી તા.કલવણ જી.નાસિક હાલ રહે. શિવાજીનગરજી. નાસિક)ને ડાંગ એસપી પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ સ્ટેશનના પી.આઈ.પી.ડી.ગોંડલીયાની ટીમે નાસિક ખાતેથી ઝડપી પાડ્યો છે. તેમજ સાપુતારા પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સરીગામના ફ્લેટમાંથી ધોળે દહાડે 44,700ની મતાની ચોરી

ઉમરગામઃ સરીગામમાં ધોળા દિવસે ફ્લેટનું તાળું તોડી તસ્કરો રોકડ સહિત સોનાના દાગીના કિંમત રૂપિયા 44,700ની મત્તાની ચોરી કરી નાસી ગયા હોવાના બનાવની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ઉમરગામ તાલુકાના સરીગામમાં ફ્લેટ નંબર 303 વિવાન હાઈટ્સ બિલ્ડિંગ લક્ષ્મી પેટ્રોલ પંપની બાજુમાં રહેતા લક્ષ્મણ પ્રતાપસિંગ સોળુંકે, ગુરૂવારે સવારે પરિવાર સાથે કામથી બહાર હતા. સવારે 10:30થી 11.45 વાગ્યા દરમિયાન કોઈ ચોર ઈસમોએ ફ્લેટનું તાળું તોડી ઘરના બેડરૂમમાં રાખેલા કબાટના લોકરમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા 1500 મળી કુલ રૂપિયા 44,700ની મતાની ચોરી કરી નાસી ગયા હતા.

**વલસાડ શહેરમાં 'ઉપરવાળા'ના આદેશનો ચમત્કાર**

# વલસાડ પાલિકા વહેલી સવારે ઊઠીને સફાઈના કામે લાગી

**જો કે** આખા દિવસની કામગીરીમાં માત્ર 5200નો જ દંડ વસૂલતા આશ્ચર્ય



વલસાડઃ જો ગાંધીનગરથી આદેશ છૂટે તો સાહેબોની સવાર પણ વહેલી પડી જાય છે.

આજે, શિયાળાની ગુલાબી ઠંડીમાં સવારે ૭:૫૦ના ટકોરે ખુદ ચીફ ઓફિસર અને તેમની ફોજ રસ્તા પર ઉતરી પડી હતી. અધિકારીઓએ દરેક જગ્યાએ ફરી વળીને પ્રતિબંધિત પ્લાસ્ટિક શોધ્યું અને ગંદકી કરનારાઓને પકડ્યા. જો કે, દંડનો આંકડો જોઈને સવાલ થાય છે કે શું વલસાડવાસીઓ અચાનક સુધરી ગયા છે કે પછી તંત્રએ 'રહેમરાહે' કામ લીધું? કારણ કે દિવસભરની મહેનતને અંતે કુલ રૂ.૫૨૦૦/-ની રકમ વસૂલ કરવામાં આવી છે.

### પાલિકાએ જૂની કેસેટ રિવાઈન્ડ કરીને ફરી વગાડી, દંડ ઓછો, ભાષણ વધુ આપ્યું

પાલિકાએ દંડ ભલે ઓછો લીધો, પણ 'મફતની સલાહ' ભરપૂર આપી. દુકાનદારો અને લારીવાળાઓને ફરી એ જ જૂની કેસેટ સંભળાવવામાં આવી - "ડસ્ટબીન રાખો," "કચરો જાહેરમાં ન ફેંકો," અને "ડોર-ટુ-ડોર ગાડીમાં જ કચરો નાંખો." જે વર્ષોથી કહેવાતું આવ્યું છે, તેનું આજે ફરીથી 'વિસ્તૃત સમજણ' સાથે રિપીટેશન થયું.